જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૩/૨૦૧૫ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૭૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૯૨ લીટર દેશી દારૂ, ૬૦૦ લીટર વૉશ અને ૦૧ ક્વૉટર ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૭૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૫૮૦/૧૫**

**બાપુનગર :** સુરાજી નાગજી ઠાકોર (રહે. કેદી નં.S/૯૩૪૯ સાબરમતી સેન્ટ્રલ જેલ અમદાવાદ શહેર, મુળ વતન ગામ : ઢુવા, તા : ડીસા જી-બનાંસકાઠા) એ તા.૨૨/૩/૧૫ નારોજ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે બાપુનગર પોલીસ સમક્ષ ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૨/૧૪ સવારનાં ૯/૩૦ થી સાંજનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે બાપુનગર હરદાસનગર વિસ્તારમાંથી આરોપી જયંતીજી નેમાજી ઠાકોર (રહે.ઓઢવ તા-ડીસા જિ-બનાસકાંઠા) એ સુરાજીની પુત્રી અંતરા ઉર્ફે આરતી (ઉ.વ.૧૪) ને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.આર.વસાવા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૮૧/૧૫**

**ચાંદખેડા :** રવિભાઇ છોટેલાલ નિરવાણ (રહે.સમતાનગર સોસાયટી, શાંતિધામ ફ્લેટની બાજુમાં, ડી-કેબીન, સાબરમતી) એ તા.૨૨/૩/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૧/૩/૧૫ રાતનાં ૮/૩૦ થી તા.૨૨/૩/૧૫ સવારનાં ૯/૪૫ વાગ્યા દરમ્યાન પોતાની ચાંદખેડા સર્જન રેસીડન્સી ખાતે આવેલ શીતલ ફેબ્રીકેશન નામની દુકાન આગળ ખુલ્લી જગ્યામાં મુકેલ લોખંડનાં ઝાંપા નંગ-૩ કિંમત રૂપિયા ૩૮,૦૦૦/- અને કંટ્રકશનના લીપ મશીન નંગ-૨ કિંમત રૂપિયા ૫૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૧,૦૦૦/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.